Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સને ૯૨।૯૩

પુસ્તક: ૯૦
સને ૧૯૯૨-૯૩
સંવત: ૨૦૪૯-૫૦

# શ્રી આત્માનંદ પ્રકાશ


વાર્ષિક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



या निशा सर्वभूतामां तस्यां जाग्रति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

પુસ્તક : ૯૦
અંક : ૧-૨

કારતક-માગશર
નવેંબર-ડીસેંબર-૯૨

આત્મ સંવત ૯૭
વીર સંવત ૨૫૧૯
વીક્રમ સંવત ૨૦૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષના મંગળ પ્રભાતે | સંકલન : હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૧ |
| ૨ | એક આનાનો જાદુ | અનુવાદક : કાંતીભાઇ સલોત | ૩ |
| ૩ | સર્વ ગુણાનો રાજા "વિનયગુણ" | લે : શાહ હેતલ નવનીતરાય | ૬ |
| ૪ | દાન, શિયળ, તપ, ભાવના ઉપર દૃષ્ટાંત | પૂ. કલ્પરત્નાજી મ. સા. | ૯ |



## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૪૯ ના માગસર શુદ ૧૨ ને રવિવાર તા. ૬-૧૨-૯૨ ના રોજ શ્રી ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથજીનો રાખવામાં આવેલ હતો જે આ યાત્રા આ વખતે કારતક માસથી ડેમની તથા માગસર માસની સંયુકત રાખવામાં આવેલ હતી, તેમાં નીચે દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરૂભકિત તથા સ્વામીભકિત કરવામાં આવી હતી, તેમજ શ્રી ઘોઘા નવખંડા પાર્શ્વનાથદાદાના રંગમંડપમાં સભા તરફથી નવાણુ પ્રકારની સંગીતકારની મંડલી સાથે ભવ્ય રાગરાણી પુર્વક પુંજા ભણાવવામાં આવી હતી, અને સભા સભ્યશ્રી ભાઇઓ તથા બહેનની સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ખુબ જ ધામધુમ આનંદ ઉલાસ સાથે પ્રોગ્રામ પુર્ણ થયો હતો.

### -: દાતાશ્રીઓની યાદી :-

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શેઠશ્રી | પ્રેમચંદભાઇ માધવજી દોશી | | શ્રી ડેમના દાતાશ્રી |
| ૨ | ,, | અમૃતલાલ રતિલાલ સલોત | | ,, |
| ૩ | ,, | નાનાલાલ કુંવરજીભાઈ શાહ | | ,, |
| ૪ | ,, | ખાંતિલાલ રતીલાલ શાહ | (ભદ્રાવળવાળા) | ઘોઘાના દાતાશ્રી |
| ૫ | ,, | મણીલાલ ફુલચંદભાઇ શાહ | | ,, |
| ૬ | ,, | કાંન્તિલાલ લવજીભાઈ શાહ | ( ટોપીવાળા ) | ,, |
| ૭ | ,, | ખીમચંદભાઇ પરશોતમદાસ શાહ | | ,, |
| ૮ | ,, | રસીકલાલ છોટાલાલ સંઘવી | | ,, |
| ૯ | ,, | રમણીકલાલ માણેકચંદ શાહ (નાણાવટી) | | ,, |
| ૧૦ | ,, | રતીલાલ ગોર્વીંદજી શાહ (સોપારીવાળા) | | ,, |

તેમજ સભાના ઉપપ્રમુખશ્રી મોહનલાલ જગજીવનદાસ ફુલચંદ સલોત તરફથી સંઘ પુંજન રૂા. ૧ નુ કરવામાં આવેલ હતુ.

લી.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર,

આભાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ મંત્રીશ્રી : **પ્રમોદકાંત ખીમચંદ શાહ** એમ. એ. બી. કોમ. એલ એલ. બી.

## નૂતન વર્ષના મંગળ પ્રભાતે

સંકલન : **હિંમતલાલ અનોપચંદ મોતીવાળા** (મંત્રી : શ્રી જૈન આત્માનંદ સભા)

સવંત ૧૯૫૨ બીજા જેઠ શુદ ૨ ૧૩–૬–૧૮૯૬ ના મંગળ દિવસે જ્ઞાન ગંગાનું એક નાનુ ઝરણુ શરૂ થયું અને આજે વીરાટ સાગર અમ સતત વૃદ્ધી પામતુ રહ્યું છે. સંસ્થા આગેકુચ કરતાં "શતાબ્દી" વર્ષ નજીક પહોંચવા આવી છે.

આ સંસ્થાએ શરૂ કરેલ આ આત્માનંદ પ્રકાશ માસીક ૯૦માં વર્ષમાં પ્રવેશ કરે છે.

આ માસીકમાં ધાર્મીક સુંદર લેખો, જૈન દર્શનના અને સાહીત્ય તથા ઈત્યાસના લેખો પ્રગટ કરે છે.

આ તકે પરમ પૂજ્ય ગુરૂ ભગવંતોને તથા પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબોને તથા વિદ્વાન ભાઈ–બહેનોને તેમના લેખો મોકલવા વિનંતી કરીએ છીએ.

આપણી આ સભા દ્વારા ચલાવાતી ફ્રી વાંચનાલયનો સારો લાભ લેવાય છે વાંચનાલયના ટેબલ ઉપર અગ્રણી દૈનીકો, માસીકો વગેરે મુકવામાં આવે છે.

આપણી આ સભા લાયબ્રેરી વીભાગમાં જૈન દર્શનની પ્રતો, પુસ્તકો. જેમાં અંગ્રેજી, હિંદી, ગુજરાતી સાહીત્યના ખુબ ઉપયોગી પુસ્તકોનો સંગ્રહવ તે સાહીત્યનો ઉપયોગ, PHO ના અભ્યાસીઓ તત્વ ચીન્તકો વીદ્વાનો તથા અનેક જ્ઞાન પીપાસુ ભાઇ બહેનો લાભ લ્યે છે.

આપણી આ લાયબ્રેરી પ. પુ. ગુરૂ ભગવંતોને તથા પ. પુ. સાધ્વીજી મહારાજ સાહેબોને બેહદ ઉપયોગી થાય છે.

આપણી સભા દ્વારા પ્રકાશન કરવામાં આવેલ પુસ્તકોનો આખા ભારતમાં અને પરદેશમાં લાભ લેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તી પુજક જૈન સમાજના કોલેજમાં ભણતા જરૂરતવાળા વિદ્યાર્થી ભાઇ બહેનોને સ્કોલરશીપ આપણી સભા પ્રતીવર્ષ આપે છે તથા SSC ની પરીક્ષામાં સંસ્કૃત વીષય લઇને ૮૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહીત કરવા સારા ઇનામો અપાય છે.

સભા દ્વારા આયોજીત તીર્થ યાત્રાઓ અનુકુળ સમયે યોજવામાં આવે છે અને આ યાત્રાનો સભ્ય ભાઇ બહેનો સારો લાભ લે છે અને યાત્રા પ્રવાસ સાથે જે તે સ્થાન ઉપર ગુરૂ ભકતી કરવામાં આવે છે મેંબરોની સ્વામીભકતી પણ કરાય છે.

પ્રતીવર્ષ વિજયા દશમીએ સભાના સયમી વિજય કમલસૂરી મહારાજ સાહેબની સ્વર્ગારોહણ તીથી નીમીતે પુજા ભણાવવામાં આવે છે.

નુતન વર્ષના પ્રથમ દિને સ્નેહ મીલન યોજાય છે અને દુધ પાર્ટી રાખવામાં આવે છે.

જ્ઞાન પંચમીને દિવસે સુંદર કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવે છે અને સંકલસંઘ દર્શન કરવા પધારે છે.

સભાનો લેકચર હોલ વેવીશાળ માટે આપવામાં આવે છે તેનો સારો લાભ લેવાય છે તથા પર્યુષણમાં બન્ને સમય પ્રતીક્રમણ માટે લાભ લેવાય છે જ્ઞાન શીબીરો માટે પણ લાભ લેવાય છે.

પરમ પુજ્ય જ્ઞાન તપસ્વી, આગમ પ્રભાવક શ્રી સ્થીયવર મુની પ્રવર શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબે સંપાદિત કરેલ "શ્રી દ્વાદશારમ્ નયચક્રમ્" ના ત્રણ પુસ્તકો આપણી સભા દ્વારા પ્રકાશન કરવામાં આવેલ છે અને દેશ–વીદેશમાં તેની બહોળી માંગ છે.

આ સભાની પ્રગતીમાં પ. પુ. ગુરૂ ભગવંતો પ. પુ. સાધ્વીજી મહારાજ સાહેબો, વિદ્વાન લેખકો તથા કાર્યકર સભ્યો તથા પેટ્રન, લાઈફ્ મેંબર વીગેરે જે અપુર્વ ફાળો આપેલ છે તે સૌનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

નુતન વર્ષ સભાના પ્રત્યેક પેટ્રન તથા લાઇફ મેંબરોને સર્વરીતે સુખદાયી યશસ્વી નીવડે તેવી પ્રાર્થના.

"જૈન જયંતી શાસનમ"

## માનવતા અને મહાનતા

બીજાના દુઃખમાં ભાગીદાર થવું અને બીજાને સુખી જોઈ રાજી થવું એમાં જ માનવતા અને મહાનતાની ગુરૂ ચાવી બેઠી છે સુખના દિવસોમાં તો વાહ વાહ કરનારા ઘણા મળે પણ દુઃખના દિવસોમાં હુંફ દેનારૂ કોઈ ન મળે દુઃખમાં કોઇને મદદ કરવી અને હુંફ દેવી એમાં જ આપણી માનવતા અને માનવતા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક આનાનો જાદુ

મહાસતી શારદાબાઈના વ્યાખ્યાનમાંથી

અનુવાદક : **કાંતીભાઈ સલોત**

ગયા અંકનું ચાલુ

હવે માણેકચંદને કમાવા ગયા પંદર વરસ થયા હવે તેને થયું કે હું રતનચંદ પાસે જાઉં, રતનચંદ તો ખુબ મોટો ધનાઢય શેઠ બની ગયો હતો. માણેકચંદ તો બીચારો ગરીબ જ રહ્યો હતો (કેવી કર્મની ગતી) મેલાઘેલા કપડાના પહેરવેશે, તેને ઓળખી પણ ન શકયો છતાં માનવતા હતી તેને પુછયુ ભાઇ ? તમે કોણ છો ? માણેચંદ તમે મારા મિત્ર તમારે જરૂર હોય તે કહો, આપની અમીદૃષ્ટિ છે કૃપાદૃષ્ટિ છે તો બસ છે. મારે બીજુ કાંઈ નથી જોઈતુ મીત્ર હું પરદેશ ગયો ત્યારે તમારી પેઢીમાં મારો એકઆનો વ્યાજે મુકતો ગયો હતો એકઆનો ચોપડામાં કયાં લખ્યો હશે ? ન લખ્યો હોય તો ભલે મને કાંઈ વાંધો નથી. એકઆનાના છ–છ મહીને ડબ્બલ ગણુતા જે વ્યાજ થાય તે મને ગણીને આપો જેથી હીસાબ ચોખ્ખો થઈ જાય દરેક બાબતમાં ચોખવટ હોય તો કયારે ય વાંધો આવતો નથી.

રતનચંદ કહે માણેકચંદ ? ભગવાનની કૃપા છે મારે કમાણી સારી છે, મારે હરામનો એક પૈસો ન જોઇએ તમે એકઆનો મુકીને ગયા હતા તેનો હિસાબ કયાં કરીએ ? તમારા એકઆનાની રકમ વધી વધી ને કેટલી થઈ હશે ! બહુ બહુ તો પાંચ–સાત હજાર થશે હિસાબની કયાં માથાકુટ કરવી ?

કદાચ ૨૫–૫૦ રૂપીયા વધારે આવી જશે તો તું કયાં પારકો છે ? હું તમને હીસાબ કર્યા વગર દસ હજાર આપું છું પછી કાંઈ વાંધો કેમ બરાબરને ? માણેકચંદ હિસાબ કિતાબમાં બહુ પાકો હતો નામાનો એકસપર્ટ હતો હવે તમે વિચાર કરો કે એકઆનાની વ્યાજુ મુડીમાં દસ હજાર પંદર વરસે ફકત ૩૦ હપ્તા ગણુતા કેટલા થાય તે વિચાર જો તેનો અર્થ એક કીડી દર છ મહિને પગ નીચે દબાય જાય તો પંદર વરસે કેટલુ પાપ વધી જાય માટે ગુરૂ ભગવંતોએ જયણા પાળવાનું કહ્યું છે. જવાબ આવતા અંકે તમે ફુરસદે ગણુજો કલ્પનામાં ન આવે તેવો જવાબ આવશે ત્યારે મહાસતીજીના વ્યાખ્યાનનો અર્થ સમજાશે. હવે માણેકચંદ અને રતનચંદ હીસાબ સમજે છે તે નીચે પ્રમાણે છે.

માણેકચંદ નમ્રતાથી બોલ્યો મિત્ર રતનચંદ તે મારા માટે આટલી ઉદારતા રાખી તે માટે તને ધન્યવાદ છે, પણ મિત્ર ! મારે એક પાઇ પણ વધારે જોઈતી નથી બક્ષીસ તરીકે પણ નહિ પંદર વરસના હીસાબમાં એકઆનાનુ વ્યાજ છ મહીને બમણુ ગણીને આપો જીવ કર્મ બાંધે છે ત્યારે ભાન નથી રાખતો, કે કર્મના વ્યાજ કેટલા ચડે છે ! પણ ભોગવવાનો સમય આવે ત્યારે બાપલીયા બોલી જવાય છે.

માણેકચંદની વાત સાંભળી તરત રતનચંદે પોતાના વિશ્વાસુ બે–ત્રણ મુનીમોને બોલાવ્યા બધી સમજણ પાડી ને કહ્યું કે માણેકચંદ મારો જીગર જાન દોસ્ત છે તેનો હિસાબ કરી આપો અને આંકડો તૈયાર થાય એટલે મને કુલ આંકડો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહો દશ હજારનો આંક આવ્યો ત્યાં સુધી વાંધો આવ્યો નહી પછી આખો હીસાબ થયો ત્યારે મુનીમજીના મનમાં થયુ કે આટલી બધી મોટી રકમ બોલવી કેવી રીતે ? શેઠ પ્રમાણીક છે હવે કરવુ શું ? મુંનીમજીને વિચાર કરતા જોઇને શેઠ કહે છે કે જે હોય તે બોલો, શેઠ સાંભળો, થાપણ એકઆનો મુદત ૧૫ વરસની શરત છે કે દર છ મહીને બમણા કરવાના સાંભળો એ હિસાબ કીતાબ આ પ્રમાણે છે.

કુલ રૂા. ૬,૭૧,૦૮,૮૬૪ છ કરોડ એકોતેર લાખ આઠ હજાર આઠસો ચોસઠ રૂપીયા થાય તમે હવે હિસાબ ગણજો વધુ વીગતવાર આવતા માસીકમાં,

નાના બીજમાંથી કેવડુ વડ થાય છે, તેનો દાખલો ફકત ૧ આના વ્યાજમાં તેમ નાનામાં નાનુ પાપ કર્યું હોય તેનો પાપનો પોટલો તમારી ઉમરના વરસમાં સરખાવજો જ્યારે ૧૫ વરસ ૬ કરોડ ૭૧ લાખ જેવુ થાય ત્યારે આપણે તો ૫૦ થી ૬૦ વરસ થયા તેનો તમારે જ વીચાર કરવાનો છે

૧ આનાના પહેલા છ મહીનામાં બમણા થાય ૨ આના તેમ તમારે ૩૦ હપ્તા ડબ્બલના ગણજો એટલે ખ્યાલ આવશે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧ | આનાના | ૨ | આના |
| ૨ | ૨ | ,, | ૪ | ,, |
| ૩ | ૪ | ,, | ૮ | ,, |
| ૪ | ૮ | ,, | ૧ | રૂપીયો |
| ૫ | ૧ | રૂપીયાના | ૨ | ,, |
| ૬ | ૨ | ,, | ૪ | ,, |
| ૭ | ૪ | ,, | ૮ | ,, |
| ૮ | ૮ | ,, | ૧૬ | ,, |
| ૯ | ૧૬ | ,, | ૩૨ | ,, |
| ૧૦ | ૩૨ | ,, | ૬૪ | ,, |
| ૧૧ | ૬૪ | ,, | ૧૨૮ | ,, |
| ૧૨ | ૧૨૮ | ,, | ૨૫૬ | ,, |
| ૧૩ | ૨૫૬ | ,, | ૫૧૨ | ,, |
| ૧૪ | ૫૧૨ | રૂપીયા | ૧૦૨૪ | રૂપીયા |
| ૧૫ | ૧૦૨૪ | ,, | ૨૦૪૮ | ,, |
| ૧૬ | ૨૦૪૮ | ,, | ૪૦૯૬ | ,, |
| ૧૭ | ૪૦૯૬ | ,, | ૮૧૯૨ | ,, |
| ૧૮ | ૮૧૯૨ | ,, | ૧૬૩૮૪ | ,, |
| ૧૯ | ૧૬૩૮૪ | ,, | ૩૨૭૬૮ | ,, |
| ૨૦ | ૩૨૭૬૮ | ,, | ૬૫૫૩૬ | ,, |
| ૨૧ | ૬૫૫૩૬ | ,, | ૧૩૧૦૭૨ | ,, |
| ૨૨ | ૧૩૧૦૭૨ | ,, | ૨૬૨૧૪૪ | ,, |
| ૨૩ | ૨૬૨૧૪૪ | ,, | ૫૨૪૨૮૮ | ,, |
| ૨૪ | ૫૨૪૨૮૮ | ,, | ૧૦૪૮૫૭૬ | ,, |
| ૨૫ | ૧૦૪૮૫૭૬ | ,, | ૨૦૯૭૧૫૨ | ,, |
| ૨૬ | ૨૦૯૭૧૫૨ | ,, | ૪૧૯૪૩૦૪ | ,, |
| ૨૭ | ૪૧૯૪૦૩૪ | ,, | ૮૩૮૮૦૬૮ | ,, |
| ૨૮ | ૮૩૮૮૬૦૮ | ,, | ૧૬૭૭૭૨૧૬ | ,, |
| ૨૯ | ૧૬૭૭૭૨૧૬ | ,, | ૩૩૫૫૪૪૩૨ | ,, |
| ૩૦ | ૩૩૫૫૪૪૩૨ | ,, | ૬૭૧૦૮૮૬૪ | ,, |

કુલ રૂપીયા ૬૭૧૦૮૮૬૪

તમને થશે કે ૨૦ હપ્તામાં ફકત રૂા. ૬૫૫૩૬ થવા માટે વાત ખોટી છે તો હવે આગળ વધો પછી જાદુ કેવો થાય છે તે જોવો.

આમ રતનચંદ શેઠને તેમના મિત્ર માણેક-ચંદની એક આનાની થાપણમાંથી પંદર વરસના હિસાબમાં ઉભી થયેલી એકંદર રકમ છ કરોડ એકોતેર લાખ આઠ હજાર આઠસો ચોસઠ રૂપીયા થયા મુનીમજીએ બરાબર બાકી કાઢથી હિસાબ ગણી આંકડો મુકયો હતો તમે પણ ઘરે જઇને ગણજો કરોડનો આંક સાંભળી રતનચંદ શેઠ ચમકયા તેમની આંખે અંધારા આવવા લાગ્યા જરા ઠીક થતા મનમાં બોલવા લાગ્યા આતે હિસાબ છે કે જાદુ ! શરૂઆતમાં મે તેમનો એક-આનો વ્યાજે લીધો ત્યારે મને કાંઈ ખ્યાલ ન રહ્યો કે એકઆના જેવી નાની રકમમાં દર છ મહિને બમણા થતા આટલી મોટી રકમ થઈ જશે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે જીભાનથી બોલ્યા હતા એટલે ગમે તે રીતે આપ્યા.

આ દૃષ્ટાંતથી આપણે તો અહીં એ સમજવુ છે કે મુડી માત્ર એકઆનો હતો પણ વ્યાજ વધતા કરોડો ગણી કીંમત વધી તેમ કર્મ કરીએ ત્યારે વડના બીજ જેટલુ હોય છે પણ તેનું વ્યાજ ધડ-ધડ કરતુ વધતુ જાય છે. અમે કહીએ દેવાનુપ્રીયો ? શરીરમાં હજુ રોગ આવ્યો નથી, ઇન્દ્રીયોને હાની થઇ નથી ત્યાં સુધી કાંઈ કરી લે ઓછામાં ઓછી એક સામાયિક કરો, પાપથી પીછેહઠ કરો, ભવભીરૂ બનો ત્યારે કહે છે કે, મહાસતીજી ! અમારી ઘણી જીંદગી બાકી છે તમારે અમારી ચિંતા કરવી નહી પણ ખબર નથી કે કર્મનું વ્યાજ કેટલુ ચડે છે !

નાનું પણ સતકાર્ય વડના બીજની જેમ સમય પાકતા અગણિત ફળને આપનારૂ બને છે, શાલિ–ભદ્રના આત્માએ ધન કેટલું કર્યું ? એનુ ફળ કેટલા ગણા મળ્યું ને! અઢળક રિદ્ધિસિદ્ધિનો સ્વામી બન્યો જેની રિદ્ધિ જોવા ખુદ શ્રેણીક મહારાજા તેમના ઘરે આવ્યા.

જેમ શુકલ પક્ષમાં દરિયાની ભરતી એકવાર આવ્યા પછી ભલે જતી રહે તો પણ ચંદ્રકળાની વૃદ્ધિ સાથે બીજે દિવસે પોતાને મેળે પહેલા કરતા વધારે દુર સુધી ફેલાય છે, તેમ ચિત્તમાં એકવાર શુભ ભાવની ભરતી આવ્યા પછી કદાચ તે ચાલી જાય તો પણ બીજીવાર પોતાની મેળે પહેલા કરતા દૃઢ થઇને બહાર આવે છે

આ રીતે શરૂઆતમાં શુભ ભાવ ભલે અલ્પ હોય પણ રોજને રોજ તેની વૃદ્ધિ થતાં એક દિવસ તે આપણી કલ્પનામાં પણ ન આવે તેમ અણુમાંથી વિરાટ બની જાય છે.

શુભ ભાવની જેમ અશુભ ભાવોનું પણ સમજવું જો અશુભ ભાવ પ્રત્યેનો આદર કેળવશો તે વડના બીજ જેટલા કર્મને વિરાટ વડલો થતા વાર નહી લાગે.

જેમ એકઆનાનું વ્યાજ પણ એટલું વધે છે માટે કર્મ બાંધતા ખુબ વિચાર કરજો મોક્ષાર્થી જીવોએ જે કારણથી ચિત્તની શુદ્ધિ થાય તેવી શુભ શુભ ક્રિયાઓ કરવી અહિંસા, સત્ય, દયા, દાન, પરોપકાર, બ્રહ્મચર્ય તપ, જપ, ક્ષમા, સંતોષ, આદિભાવો આપણા શુભ ભાવની વૃદ્ધિમાં ભરતી લાવે છે. પ્રારંભમાં નાનું દેખાતુ કાર્ય પરિણામે કેટલુ વિશાળ બની જાય છે માટે મને કર્મ બંધન કેમ ઓછા થાય તે માટે સજાગ બનો, સંસારમાં રહેવું પડે તો અનાશકત ભાવથી રહો આત્મામાં એજ ઝંખના હોય કે આ પાપના પિંજરામાંથી હું કયારે છુટું ?

# ફુલ વિણવા કાંટા રહેવા દેવા

કાયમ માટે ગુણ ગ્રાહક જ થવું,
કદીયે કોઇનોય દોષ ન જોવા
કાયમ સૌ કોઇનો ગુણ જ જોવા

જે રીતે બગીચામાં મોગરો, ગુલાબ, ચમેલી વગેરે ફુલો હોય છે ને સાથે કાંટા અને થોર પણ હોય છે.

તેમાંથી આપણે તો ફુલ જ વીણી લઇએ છીએ અને કાંટા તેમજ થોરને પડયા રહેવા દઇએ છીએ. તે રીતે સંસાર બગીચામાંથી સદ્ગુણનાં ફુલ વીણવા અને અવગુણનાં કાંટા પડયા રહેવા દેવા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥

# સર્વ ગુણાનો રાજા - "વિનયગુણ"

લે. શાહ હેતલ નવનીતરાય : શ્રી વૃ. જૈન વિદ્યાશાળા

પ્રિય સાધર્મિક.......પ્રણામ........

આજે આપણે અનેક ગુણોનો રાજા એવો મહાનગુણ "વિનય" વિશે થોડી વાતો કરીએ, સર્વ ગુણોનું મુળ વિનય છે. વિનય પછી જ બધા ગુણો જીવનમાં પ્રવેશ પામે છે વિનય એ સૌથી અગત્યનો મહત્વનો ગુણ છે. વિનય દ્વારા જ સ્વદોષ દર્શન અને પરગુણ દર્શન શકય બને છે. વિનય સર્વે ગુણોનું મુળ કહેવાય છે. વિનય એ તો પારસમણી સમાન છે, જે અજ્ઞાની જીવોને પણ મોક્ષ માટે યોગ્ય બનાવી દે છે, જ્ઞાન હશે પણ વિનય નહી હોય તો તે જ્ઞાન પણ તારનાર બનવાને બદલે ડુબાડનાર બની જાય છે, પરંતુ જો કદાચ જ્ઞાન ન પણ હોય પરંતુ એકવાર વિનય ગુણ આવી જાય તો તે મોક્ષ સુધી પહોંચાડી દે છે અને જો જ્ઞાન અને વિનય બન્નેનો સમન્વય સધાય તો તો પછી તેની મજા કાંઈક ઓર જ હોય છે જેની કલ્પના પણ થઈ શકતી નથી ?

વિનય તો દરેકમાં હોવો જોઇએ, દરેક ક્રિયાઓમાં હોવો જોઇએ, દરેક પ્રત્યે વિનય હોવો જો–એ શિષ્યનો ગુરૂ પ્રત્યેનો વિનય, ગુરૂનો શિષ્ય પ્રત્યેનો વિનય, સંતાનનો માતા–પિતા પ્રત્યેનો વિનય માતા–પિતાનો સંતાન પ્રત્યેનો વિનય, એક મિત્રનો બીજા મિત્ર પ્રત્યેનો વિનય હોવો જોઇએ.

દરેક ક્રિયાઓમાં પણ વિનય હોવો જોઇએ પછી ચાહે તે ક્રિયા ધાર્મિક હોય કે વ્યવહારિક હોય તેમાં વિનય તો અચૂક હોવો જ જોઇએ, વિનય વગરની દરેક ક્રિયા નિષ્ફળ કે ઓછી ફળદાયી બને છે

જૈન શાસનમાં વિનયનો અર્થ વિશાળ કરવામાં આવ્યો છે, વિનય એટલે માત્ર આદર, સત્કાર સન્માન કે નમસ્કાર એ જ નહિ, પરંતુ વિનય એટલે મર્યાદા, કૃતજ્ઞાન, અહિંસા દૃષ્ટિ, ક્ષમાભાવના વિગેરે કહી શકાય, આમ જિન શાસનમાં વિનય ગુણને વિશાળ અર્થમાં .. પ્રયોજવામાં આવ્યો છે. દરેક મહાપુરૂષોનાં જીવન ચરિત્ર તપાસો તેમાં વિનયગુણનું દર્શન થશે જ કોઈ પણ મહાપુરૂષ વિનય વિના આગળ વધી શકતા જ નથી. અનંત લબ્ધિનિધાન એવા શ્રી ગુરૂ ગૌતમ સ્વામિ જ આનું એક સચોટ દૃષ્ટાંત છે, તેઓ અનંત લબ્ધિના સ્વામી હોવા છતાં પણ પ્રભુ વીરના એક એક શબ્દનું વિનય પૂર્વક અક્ષરસઃ પાલન કરતાં હતા, પ્રભુ મહાવીર જે કાંઇ કહે તે વિનય ભાવે સ્વીકારી તેનું આચરણ કરતાં આ ઉપરાંત અનેક મહાપુરૂષોનાં જીવનમાં વિનયગુણ રહેલો છે.

આજના સમયમાં વિનય સાવ જુનો લઘુઅર્થી થઈ ગયેલો જણાય છે. આજની સ્કુલોમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ પ્રત્યેનું આચરણ, ઘરમાં સંતાનો માતા–પિતા પ્રત્યેનો વ્યવહાર જોતા લાગે છે કે વિનય ગુણ ધીરે ધીરે નિર્મૂળ થતો જાય છે, આનો અર્થ એ તો નથી જ કે વિનય કયાંય છેજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ નહિ ! ના વિનય હજી જીવીત છે, પરંતુ તે શિથીલ બની ગયો છે, તેને થોડો સક્રિય બનાવવાની જરૂર છે, પછી જોઇસો જીવન કેવું મધમધાટ ભર્યું આનંદદાયક બની જાય છે ! !

# વિનય તો જીવનનો પ્રાણ છે, આધાર છે,

# જીવનની સાચી ઓળખાણ વિનયથીજ છે.

આપણે ત્યાં **વિનયનાં પાંચ પ્રકાર કહયા છે.**

(૧) ઔચીત્ય વૃતિથી આદર
(૨) ગુરૂઆજ્ઞા પાલન
(૩) ગુરૂ પર બહુમાન
(૪) બહુમાન
(૫) ગુરૂ પર પ્રીતિ.

આવો આપણે વિનયને અનુરૂપ વિનયગુણનું મહત્વ સમજાવતી એક કથા જાણીએ.

## " ખીચડીયાશેઠ "

એક નગરમાં શેઠ રહેતા હતા, એ શેઠ ખુબ ધનવાન હતા તેમની છ પેઢીથી એક નિયમ ચાલ્યો આવતો હતો કે દરેકે પોતાની મુડીમાં એક લાખ રૂપીયા ઉમેરીને મરવું, આમ તેના બાપ દાદા એ છ લાખ રૂપીયા ભેગા કર્યા હતા હવે આ શેઠને પણ એક લાખ રૂપીયા ભેગા કરવાનો વારો આવ્યો, શેઠ એની મુડી ભેગી કરવા લાગ્યા હતા.

શેઠ એ મુડી એકઠી કરવા માટે ખુબ જ કરકસરયુકત જીવન જીવતા હતા તેઓની સાત માળની હવેલી હતી, પરંતુ તેઓ હંમેશ ને માટે જરૂરી એક માળ સિવાય બાકીના છ એ માળ બંધ રાખતા હતા, કારણ કે એ છ માળ ખોલવાથી તેમાં કચરો ભરાય એ કચરાને સાફ કરવા માટે નોકરો રાખવા પડે અને વખત જતા એ સાવરણીને ઘસારો પહોંચે અને ઘસાઈ જતા નવી લાવવી પડે, અને ખર્ચ પહોચે આથી તેઓ છ માળ તો હંમેશા બંધ જ રાખતા.

આમ છતાં એ શેઠ કરકસરીયા હોવા છતાં તેમને એક ખુબ જ સારો નિયમ હતો કે તેઓ કદી કોઇની પાસે કશુ માંગતા નહીં, આ રીતે વખત જતા શેઠના લગ્ન થયા પત્નીએ ઘરમાં જોયુતો તે આશ્ચર્ય પામી શેઠ આટલા ધનવાન હોવા છતાં પણ પેલી કહેવત અનુસાર " ચમડી તૂટે પણ દમડી ન છૂટે " એ રીતે જીવન જીવતા હતા તેઓ જમવામાં એકલી પાણીમાં બાફેલી ખીચડીજ ખાતા હતા તેમાં ઘી ની તો વાત જ નહી કરવાની આથી પત્નીએ શેઠને સુધારવાનો નિશ્ચય કર્યો.

એક દિવસ ગામમાં જ્ઞાની ગુરૂ ભગવંત પધાર્યા શેઠાણીએ શેઠને મહાજ્ઞાની ગુરૂભગવંતની વાત કરી અને વ્યાખ્યાન શ્રવણ કરવા આવવા કહ્યું પણ શેઠે ચોકખી ના પાડી દીધી તે કહે હું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યાખ્યનમાં આવું તો મને ફાળામાં પૈસા લખાવવા કહે, અને મારે શરમના કારણે કાંઈક લખાવવું પડે, આથી હવે પછી કદિ આ વાત મને કરતી નહી તું, આમ શેઠાણી રોજ હવે એકલા વ્યાખ્યાનમાં ચાલ્યા જતા.

ત્યારબાદ અમુક દિવસ પછી શેઠનો ખુશ મિજાજ જોઇ શેઠાણીએ શેઠને નિયમીત પ્રભુ દર્શનની પ્રતિજ્ઞા લેવા કહ્યું, પણ શેઠે તો ના જ પાડી દીધી છતાં શેઠાણીના આગ્રહથી શેઠે નિયમીત પ્રભુ–દર્શન કરવા જવાની પ્રતિજ્ઞા કરી પણ બપોરે બાર વાગ્યાના સમયે જ ! કારણ કે સવારે જાય તો લોકલાજથી ચોખા ફળ વગેરે લઈ જવું પડે. આથી બાર વાગે કોઈ ન હોય ત્યારે જવાનું રાખ્યું શેઠાણી શેઠને જમવા બેસતા પહેલા યાદ કરાવી આપતા આમ આ નિયમ નિયમીત રીતે પાળવા લાગ્યા.

એક દિવસ શેઠ જમવા બેસી ગયા, શેઠાણીએ ખીચડી પીરસી જ્યાં શેઠ જમવા ગયા ત્યાં નિયમ યાદ આવ્યો આથી તેઓ ઝટપટ ઉભા થયા પણ હાથમાં ખીચડી ચોંટી ગયેલી આથી તેઓ જો હાથ ધોયે તો તેટલા દાણા નકામાં બગડે, આથી ફાટલા–તૂટલા કપડાએ પણ સત્તર સાંધાવાળા માંથી એકાદ કટકો કાપી અને હાથ ફરતો બાંધી નિયમ મુજબ દેરાસર દર્શન કરવા ગયા, નિયમ પણ શેઠ અખંડ રીતે પાળતા એક વખત નિયમ લીધા પછી તો પાળવામાં પાછીપાની કદી નહી કરવાની એવી અડગ શ્રધ્ધાપૂર્વક પ્રતિજ્ઞાનું પાલન કરવું જ જોઇએ.

એમ શેઠ માનતા હવે શેઠની આવી અખંડ પ્રતિજ્ઞાથી શેઠ પર દેવ પ્રસન્ન થયા આથી શેઠને કંઈક માંગવા કહ્યું, પણ શેઠ કોઈની પાસે કશું માંગતા તો નહિ જ આથી તેણે ના કહીં, પરંતુ યક્ષે ખુબ જ આગ્રહ રાખતા શેઠ શેઠાણીને પૂછવા ગયા, શેઠાણી ખુબ જ સમજુ હતી, તેણે શેઠને યક્ષ પાસે સર્વોગુણોના મુળ રૂપી "**વિનય**" ગુણની માંગણી કરવા કહ્યું, શેઠે યક્ષ પાસે આ મહાન ગુણ માંગતા યક્ષ તથાસ્તુ કહી ચાલ્યો ગયો.

હવે શેઠ ઘેર આવ્યા શેઠાણીને કહે કાંઈ ખાલી હાથે પરમાત્મા પાસે દેરાસરે જવાતું હશે ! શેઠાણી સમજી ગયા કે આ બધો પ્રભાવ વિનય ગુણનો છે, આથી શેઠાણીએ ચોખા ફળ વિગેરે શેઠને આપ્યું, શેઠ તે લઈ દેરાસરે ગયા.

ત્યારબાદ ઘરે આવી જમવા બેઠા તો શેઠાણીને કહ્યું એકલી ખીચડી ખવાતી હશે ! તે બજારમાં જઈ સારી સારી વસ્તુઓ લઈ આવ્યા અને જીવનમાં પ્રથમવાર ભરપેટે ભોજન કર્યું.

આ પછી તો વિનયગુણના પ્રતાપથી શેઠનું જીવન તો સાવ બદલાઈ ગયું, ફકત એક જ "ટર્નીંગ પોઈન્ટ" આવી જવાથી તેઓ ધર્મના સાતેય ક્ષેત્રમાં ધન વાપરવા લાગ્યા શેઠ જેમ ધન વાપરવા લાગ્યા તેમ ધનવૃદ્ધિ થવા લાગી આ રીતે શેઠે અનેક સુકૃત કરી સુંદર ધર્મ આરાધના દ્વારા કર્મ નિર્જરા કરી અને પુન્ય ઉપાર્જન કર્યું.

તો આપણે પણ જીવનમાં આવા મહાન વિનયગુણને કેળવીએ અને તે દ્વારા અનેક ગુણોની પ્રાપ્તિ કરીએ, વિનયગુણ દ્વારા સુંદર ધર્મારાધનામય જીવન જીવીને કર્મનો નાશ અને પુન્યની પ્રાપ્તિ કરી પરંપરાએ મોક્ષ સુખની મંઝીલે પહોંચીએ તેવી શુભેચ્છા.

(લેખન તરીકે આ મારો પ્રથમ જ પ્રયાસ હોય કાંઈ ભૂલચૂક થઇ હોય તો ક્ષમ્ય ગણશો.)

લી. હેતલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" પરમપૂજય શાસન સમ્રાટશ્રીના આજ્ઞાવર્તીની "
" પ. પૂ. રાજીમતિશ્રીજી મ. સા. ના શિષ્ય "
" પૂ. કલ્પરત્નાજી મ. "

# દાન, શીયળ, તપ, ભાવના -: ઉપર દ્રષ્ટાંત :-

એક કોડાધિપતિ શેઠને એક દીકરો હતો, તે ખુબ રૂપવંતને ગુણવંત હતો, એક વખત શેઠને ત્યાં કોઇ જયોતીષ આવ્યા, એટલે શેઠે પુછયું, મારા દીકરાનું ભાવિ કેવું છે ?

જયોતીષીએ કહ્યું : શેઠજી તમારો દીકરો **દાનમાં, પુણ્યમાં, ગુણમાં, બુદ્ધિમાં** બધી રીતે તમારા કરતાં સવાયો થશે, આટલું કહીને જયોતિષી અટકી ગયા, શેઠે કહ્યું કેમ અટકી ગયા ! ત્યારે જયોતિષીએ કહ્યું શેઠ ! તમારા દીકરાને પરણ્યાની પ્રથમ રાત્રે જ ભયંકર ઘાત છે, જીવતો રહેવો મુશ્કેલ છે, આ સાંભળીને શેઠના દિલમાં ગભરાટ થવા લાગ્યો.

સમય જતાં છોકરો ૨૦ વર્ષનો થયો, શેઠ ખુબ દાનેશ્વરી હોવાથી તેમની ખ્યાતિ ઘણી હતી તેથી દુર-દુરથી શેઠના દીકરા માટે કહેણ આવવા લાગ્યા, **રૂપ, ગુણ** અને **ધન** જયાં આ ત્રણનો **ત્રિવેણી સંગમ** થાય ત્યાં શું બાકી રહે ? સારા સારા ઘરની છોકરીઓના કહેણ આવે છે પણ શેઠ વિચાર કરવા લાગ્યા કે મારે શું કરવું ? જો જયોતિષીની વાત સાચી હોય તો સામાની દીકરીનું શું ? અને ખોટી હોય તો મારા દીકરા માટે શું ? બહાર પડયા પછી દીકરો કુંવારો રહી જાય, છેલ્લે શેઠે વિચાર્યું કે ધર્મીષ્ટ છોકરી લઉં. ધર્મના પ્રતાપે સારૂં થાય અને કદાચ પાપનો ઉદય હોય ને દુઃખ આવે તો દુઃખમાં હિંમત રાખશે આમ વિચારી શેઠ કન્યા જોવા જાય છે. જયાં જાય ત્યાં ધર્મના અનેક પ્રશ્નો પુછે,

**ધર્મ કોને કહેવાય ? ધર્મથી શું લાભ થાય ? કર્મોદયથી દુઃખ આવે ત્યારે શું કરવું ? દુઃખમાં ને સુખમાં કેવી રીતે રહેવું ? સામાયિક, પ્રતિક્રમણ** તમને આવડે છે ? વિગેરે પ્રશ્નો કરતાં ઘણી કન્યાઓ જોઈ પણ મન ઠર્યું નહિ, છેવટમાં એક ધર્મીષ્ઠ ઘર મળી ગયું, છોકરી રૂપ રૂપનો અંબાર, ખુબ સંસ્કારી અને ધર્મની જાણકાર કન્યા જોતા શેઠનું મન ઠરી ગયું. હવે વાંધો નહિ આવે, તેમ વિચારી સગપણ કર્યું ને લગ્ન લીધા,

## પુત્ર પરણ્યાની પહેલી રાત્રીએ ચિંતા કરતાં મા-બાપ

પોતાના બંગલાની સામે જ શેઠે નવો બંગલો બંધાવ્યો. બંગલો તૈયાર થઇ ગયો, એટલે શેઠે બડી ધામધુમથી પોતાના લાડીલા દીકરાને પરણાવ્યો વર-કન્યા પરણીને ઘેર આવ્યા, માતા-પિતાને ચિંતા છે કે જયોતિષીએ કહયું છે કે ભયંકર ઘાત છે તો શું થશે ? જે જયોતિષીએ કહયું હતું તેને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠે ફરીને બોલાવ્યો, ને પુછયું મહારાજ ?

શું થશે ? જોષીએ તો કહયું મેં જે કહયું છે તે સત્ય જ કહ્યું છે, આપના દીકરાને જરૂર ભયંકર ઘાત આવવાની છે, એમાં બે મત નથી. શેઠે કહયું આજે મારો દીકરો પરણીને આવ્યો છે તમે આજે અહીં રોકાઈ જાવ. જ્યોતિષીને પોતાના ઘેર રાખ્યા, નવા બંગલામાં કોઇ જીવ જંતુ પ્રવેશી ન જાય તે માટે શેઠે પુરી સાવધાનીથી બંગલો બંધાવ્યો છે, રાત પડી એટલે પુત્ર અને પુત્રવધુને નવા બંગલામાં મોકલ્યાં. બંગલો ખુબ શણગાર્યો હતો, પતિ–પત્ની પરણ્યાની પ્રથમ રાત્રે આનંદની વાતો કરીને આનંદ માણી રહયાં છે પણ એમને બિચારાને ખબર નથી કે અમારી **સુહાગરાત વેરણ** બની જશે ને કેવું દુઃખ આવી પડશે ! એ તો બંને જણા આનંદ કિલ્લોલ કરીને સુઈ ગયા.

## કરૂણ વિલાપ સાંભળી વહારે ગયેલી પુત્રવધુ

બરાબર મધ્યરાત્રીનો સમય થયો ત્યારે એ બંગલાની નીચે કોઇ સ્ત્રી અને પુરૂષ કરૂણ સ્વરે રૂદન કરતાં હતાં. આ સાંભળીને શેઠની પુત્રવધુ જાગી ગઈ એણે બારીએથી નજર કરી તો એક યુગલ પોતાના બંગલાની છત નીચે બેઠું છે તેમાં સ્ત્રી બેહાલ દશામાં પડી છે એનો પતિ એને આશ્વાસન આપે છે.

આ કન્યા ખુબ હોશિયાર ને દયાળુ હતી. એનો પતિ ભરનીંદરમાં સૂતો છે, એટલે જગાડયો નહિ ને પોતે એકલી જ નીચે આવી એણે વિચાર ન કર્યો કે હું પરણીને સાસરે આવી છું અને મધરાત્રે આવા માણસો રડે છે તો એ કેવા હશે ? એવો કંઇ જ વિચાર ન કર્યો. આમાથી બરાબર શિખશો આ કન્યા દરેક મહીનાની તેરસ ચૌદસને પાખીના અઠ્ઠમ કરતી હતી, એના લગ્નનો દિવસ પુનમનો હતો, એટલે એને ત્રીજો ઉપવાસ હતો. ધર્મની શ્રધ્ધા કેટલી દઢ કહેવાય કે લગ્નનો દિવસ આવ્યો તો પણ પોતાનો તપ છોડયો નહી. પરણ્યાની પ્રથમ રાત્રી હતી પણ અઠ્ઠમ તપ હતો એટલે બ્રહ્મચર્ય પણ અખંડિત હતું.

## દુઃખને સહાય કરી મેળવેલી દુઃઆ

આ કન્યા નીચે ગઇ જઇને જોયું તો બાઇને પ્રસુતિ થઈ ગઇ છે એટલે એનો પતિ ગભરાઈ ગયો કે હું આને શું કરૂં ? રહેવા ઘર નથી, ખાવા અન્ન નથી ને પહેરવા બીજું કોઈ વસ્ત્ર નથી. આવી સ્થિતિમાં આ પત્ની અને બાળક લઇ લઇને હું કયાં જાઉં ? તેથી તે રડતો હતો સ્ત્રી કોચલું વળીને પડી છે.

આ કન્યા તરત ઘરમાં આવી અને પાણી નીચે લઈ ગઇ. સ્ત્રીની અશૂચી સાફ કરીને પોતાના લગ્નના કરિયાવરમાં જે કપડા લાવી છે તેમાંથી સારા કપડા લાવીને પહેરાવ્યા. પોતાનું મા માટલું લાવી છે તેમાંથી મીઠાઈ લઇને બાઇને ખાવા માટે આપી, અને પોતાની પાસે જે પૈસા હતા તે પણ આપી દીધા, આણાની રેશમી રજાઇમાં બાઇને સુવાડી દીધી, તેથી બંને માણસોને ખુબ શાંતિ વળી, અને સ્હેજે એના મુખમાંથી આશિર્વાદના શબ્દો સરી પડયા કે બહેન ? તે સાચા દિલથી દુઃખમાં અમને આશ્વાસન આપ્યુ છે, તો **"તારો ચૂડી ચાંદલો અખંડ રહેજો".**

આ બાઈ કહે છે બહેન ! મે તો તમારૂં કાંઇ કર્યું નથી, એક માનવ તરીકેની મારી ફરજ બજાવી છે તમે અહિં નિરાતે સુઈ જાવ, જો તમારે રહેવાની સગવટ હોય અને તમારી ઇચ્છા હોય તો ત્યાં બધું લઇને જજો અને સગવડ ન હોય તો હું તમને રાખીશ.

## આશીર્વાદ મેળવીને આવેલી બાઇએ જોયેલું આશ્ચર્ય

આ પ્રમાણે કહીને ઉપર આવી, એનો પતિ જ્યાં સુતો હતો ત્યાં એક બારી હતી, જ્યારે આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બંને માણસ સુતા હતા ત્યારે તે બારીએથી એક ભયંકર ઝેરી ભોરીંગ નાગ એના પતિને ડંખ દેવા માટે આવતો હતો તે અડધો અંદર આવ્યો હશે ને અડધો બહાર હશે તે સમયે જબ્બર પવન આવવાથી બારી બંધ થઇ એટલે નાગ કપાઈ ગયો તેનો કટકો એના પતિની પાસે પલંગમાં પડયો અને બીજો અગાસીમાં પડયો.

આ કન્યા ઉપર આવી ત્યાં પોતાના પતિ પાસે નાગનો ટુકડો જોયો પણ ગભરાઈ નહી કે એના પતિને જગાડયો નહી એ નાગના બે ટુકડા લઇને એક ટોપલામાં મૂકી દીધા અને એક કપડાથી ઢાંકીને નિરાંતે સુઈ ગઈ.

આ પતિ પત્નીને તો ખબર ન હતી કે પરણ્યાની પ્રથમ રાત્રે શું બનવાનું છે, એટલે એ તો મસ્ત રીતે સુતા છે, પણ એમના માતા–પિતાને ઉંઘ આવતી નથી, એ તો વારે ઘડીએ ગેલેરીમાં આવીને પુત્રના બંગલા તરફ નજર કર્યા કરે છે હમણાં કંઈક નવાજુની થશે, તો શું કરવું ? આમ કરતાં ત્રણ વાગ્યા, શેઠ કહે જોષી ખોટો પડશે.

જોષી કહે, શેઠ ? એ બને જ નહિ, હું કાંઈ ટીપણા જોઇને પેટ ભરનારો ભીખારી નથી હું કહું તે ખોટું ન પડે, કદાચ એનું આયુષ્ય બળવાન હોય ને કોઈ પણ રીતે બચી જાય પણ એ ઘાતનો ઘા તો જરૂર લાગશે. સવાર પડી એટલે જોષી અને શેઠ–શેઠાણી પુત્રના બંગલામાં જાય છે.

## આશીર્વાદનો અલૌકિક પ્રભાવ

માતા–પિતાને આવતા જોઈ વિનયવંત પુત્ર અને પુત્રવધુ તેમના સામે ગયા અને પગે લાગ્યા પછી શેઠ–શેઠાણીએ પુછયું બેટા ? રાત શાંતિથી ગઇ છે ને ! છોકરાને રાતની કાંઇ ખબર નથી. તેથી કહે હા, બાપુજી, પણ પુત્રવધુએ કહ્યું મધ–રાતે એક યુગલ રડતું આવ્યું હતું, એ કદાચ નીચે જ હશે નજર કરી તો ન હતા.

પુત્રવધુએ વાત કરી અને પછી કહ્યું બા–બાપુજી આપની આજ્ઞા વિના મે દુઃખીયારી બાઇને સહાય કરી છે તો મને માફ કરજો. પુત્રવધુની ઉત્તમ ભાવના અને ઉદારતા જોઇને સાસુ–સસરાને ખુબ આનંદ થયો ને કહ્યું બેટા ! તે ઘણું સારૂ કાર્ય કર્યું છે, પરણીને આવતાવેંત તમે કેવું પવિત્ર કાર્ય કર્યું ! તેથી અમે તમને આશીર્વાદ અને ધન્યવાદ આપીએ છીએ કે તું સુખી થા આ વાત કર્યા પછી નાગના બે ટુકડા બતાવ્યા, નાગના ટુકડા જોઇ સાસુ–સસરા ચમકયા ને પુછયું બેટા ! આ નાગને કોણે માર્યો ?

વહુએ કહ્યું, બા–બાપુજી ! હું તો એક કીડાને પણ ન મારૂં પણ બન્યુ છે એમ કે હું બારી ખુલ્લી મુકીને પેલી બાઈની સેવા કરવા માટે ગઈ ત્યાં દોઢ બે કલાક થઈ ગયા. હું ઉપર આવી ત્યારે એક ટુકડો તમારા પુત્રની પાસે પડયો હતો અને બીજો નીચે પડયો હતો, એ તો ઉંઘતા હતા એટલે હું માનું છું કે કદાચ આ નાગ ઉપર ચડતો હશે ને બારી પવનના જોશથી બંધ થઇ ગઇ હશે એટલે નાગ કપાઈ ગયો હશે એમ અનુમાન કહી શકું છુ.

જયોતિષીએ કહ્યું જુઓ, મારા જોષ સાચા છે ને ? આ નાગ તમારા પુત્રને કરડવા આવતો હતો પણ એ પહેલા તમારી પુત્રવધુએ દીન દુઃખીના અંતરના આશીર્વાદ મેળવ્યા, તેના પ્રભાવે જ એનો સૌભાગ્ય ચાંદલો ને ચૂડો અખંડ રહે છે. બાકી ઘાત તો ભયંકર હતી, ભયંકર હતી, તમારો પુત્ર બચી શકે તેમ ન હતો.

બંધુઓ ? જુઓ આ શેઠની પુત્રવધુએ પર્યુષણ પર્વના દાન, શીયળ, તપ, અને ભાવનાથી વધામણા કર્યા, પોતાના પરણ્યના આણાની ચીજો ગરીબને દાન કર્યું, તેમજ તેના મુખે અઠ્ઠમ હતો પરણ્યાની રાત્રે બ્રહ્મચર્ય પણ અખંડ રાખ્યું તેની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ભાવના** પણ પવિત્ર હતી એટલે ચારેય મોક્ષ-માર્ગના આરાધનાને પ્રતાપે એનો પતિ ભયંકર ઘાતમાંથી ઉગરી ગયો, જ્યારે આજના કળિયુગમાં વિષય-વાસના મોજ, શોખ, ભૌગતી ભૂતાવળ, અને ફેશન, વ્યસનના કારણે ધર્મની ભાવના નષ્ટ થતી દેખાય છે. તેનું કારણ આજે ભૌતિક સાધનો સાધ્યા છે, રેડીયો, ટી. વી. વીડીયો અને સીનેમા એ સંસ્કારોનું સત્યાનાશ વાળી નાખ્યું છે.

માતા-પિતાને નાટક સીનેમા જોવા જોઇએ પછી સંતાનોની વાત જ કયાં કરવી ? આગળના માતા પિતાઓ સમય મળે ત્યારે સંતાનોને પાસે બેસાડીને ધર્મના સંસ્કારોનું સિંચન કરતાં હતા. ધર્મની બોધકથાઓ સંભળાવતા હતા, આજે તો ઘર ઘરમાં ટી. વી. વીડીયો આવી ગયા, મા-બાપ અને દીકરા-દિકરીઓ પીકચરો જોવા બેસી જાય પછી ધર્મના સંસ્કારો કયાંથી આવે ? યાદ રાખજો તમે તમારી સંતાનોને સિનેમા નથી બતાવતાં પણ જીવનનાં સંસ્કાર નાશ કરનાર કતલખાતું બતાવો છો. એના એવા સંસ્કારો પડશે કે એ કુસંસ્કારના બળે વિષય-વિકારો વધશે, ફેશનો અને વ્યસનો વધશે.

એ ભોગવીને દુર્ગતિમાં જવું પડશે, ત્યાં અતિ ભયંકર દુ:ખો ભોગવવા પડશે, એના કરતાં જો તમે એને ધર્મ પમાડશો તો એના જીવનનો અભ્યુદય થશે, જીવનમાં સદ્ગુણો આવશે સમાજ માં આબરૂ વધશે ને પરિણામે સદ્ગતિ મળશે. ત્યાં પણ મહાન સુખોનો ભોકતા બનશે, તમને તમારા પુણ્યોદયથી સંપત્તિ મળી છે, તેનો ઉપયોગ નાટક-સીનેમા આદિ મોજ-શોખમાં ન કરો પણ સત્કાર્યમાં કરો. જેનો જીવનમાં ધર્મ છે, તેનું જીવન સાચું છે.

એક કલ્પના કરો કે પુણ્યોદયે સોનાના રત્ન જડિત બંગલા હોય એ બંગલાને ફરતાં પારસ-મણીના ઓટલા હોય પણ જો એ ઘરમાં ધર્મ કે તપ ત્યાગ નથી, સુપાત્ર દાન દેવાની ભાવના નથી તો તે ઘર સ્મશાન જેવું ખરૂં ને ? હા તમારૂં ધન જેટલું દીન દુ:ખીની સેવામાં, દાનમાં ને ધર્મના કાર્યમાં વપરાશે તેટલું સાચું ધન છે બાકીના કાકરા છે, ઘણા માણસો એવા ગર્ભશ્રીમંતો હોય છે કે તેને લક્ષ્મીનો નામ ગર્વ ન મળે અને ગુપ્ત દાન એવું કરો કે ઘરમાં કે બહાર કોઇ જાણે નહિ.

卐

## નાનો રહી નમે તે પ્રભુને ગમે

પેલા મોતીયાને એટલે કે મોતીયાને સો ખીલાનો ઘા સહેવા પડે જ્યારે નાનકડી વળીને એકાદ ખીલોજ ખમવો પડે માટે જ કહયું છે કે મોટા થવામાં માલ નથી, નાના રહેવામાં જ મજા છે અહંકાર કરે એને અથડાવું પડે. જે નાનો રહે ને નમે એજ પ્રભુને ગમે મોટા દેખાઇને અહંકારનો ટોપલા ઉંચકવા કરતા નાના રહીને મોટા કામ કરવા સારા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ લિખિત

# 'કોઈ ડાળી કોઇ ફુલ' પુસ્તકનું વિમોચન

પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ જૈન સંઘના પ્રતિષ્ઠિ સર્જક છે, પૂ. મુનિશ્રી લિખિત સાત વાર્તા સંગ્રહો પ્રસિદ્ધ થયા છે, તેમાંથી ચૂંટેલી વાર્તાનો સંગ્રહ "કોઇ ડાળી કોઈ ફુલ" નો વિમોચન સમારોહ તા. ૮-૧૧-૯૨ ના રોજ સવારે ૯-૦૦ કલાકે ડો. ગુણવંત શાહના હસ્તે શ્રી વિજયનગર જૈન સંઘ (નારણપુરા, અમદાવાદ) ના ઉપક્રમે યોજાયો. આ પ્રસંગે મુનિશ્રી વાત્સલ્યદીપના સર્જનને બિરદાવતાં ડો. શેખરચંદ્ર જૈને કહ્યું કે મુનિશ્રીની શૈલી અને અભિવ્યકિત બંને નવીન અને નિરાળાં છે, ગુજરાતના મુખ્ય સર્જકોમાં આજે મુનિશ્રી વાત્સલ્યદીપે પણ પોતાનું ગૌરવવંતુ સ્થાન સ્થાપ્યું છે. ડો. ગુણવંત શાહે આ પ્રસંગે કહ્યું કે જૈન ધર્મનો હેતુ સ્પષ્ટ કરવામાં આ વાર્તાઓ મદદગાર થાય તેવી છે, તેમણે ઇચ્છા વ્યકત કરી કે મુનિશ્રીની વાર્તાઓ વિશ્વની અગ્રણી ભાષાઓમાં અનુવાદિત થાય, મુનિશ્રીએ એટલું જ કહ્યું કે તમારા સૌના અભિવાદનમાં સરસ્વતીના ચરણે સમર્પિત કરી દઉ છું આ પ્રસંગે અગ્રણી વિદ્વાનો શ્રેષ્ઠીઓ અને વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

( અનુસંધાન ટાઇલ ૪ થા પરનું ચાલુ)

લંડનમાં તેઓશ્રીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ શત્રુંજય તીર્થનો કેઇસ તેમને સોંપેલ હતો.

આવા સમર્થ સદ્‌ગત શ્રી વિરચંદ રાઘવજીની સ્મૃતી ઉત્સવ મહુવા મુકામે પ. પુ. ગણીવર્યશ્રી શીલચંદ્રવીજયજી આદિ મુની ભગવંતોની નીશ્રામાં ઉજવાયેલ છે અને નેમી વીહાર દેરાસર પાસેના ચોકનું નામ "શ્રી વીરચંદ રાઘવજી ગાંધી ચોક" રાખવામાં આવેલ છે, આ અપુર્વ ઉત્સવ પ. પુ. ગણીવર્યશ્રી શીલચંદ્રવિજયજી મ. સા.ની અથાગ મહેનત અને માર્ગદર્શનથી તા. ૨૨-૧૧-૯૨ ના રોજ મહુવામાં ઉજવાયેલ છે આ ઉત્સવ તેઓશ્રીના ચાતુર્માસની ચીર યાદિ રૂપ રહેશે.

## શોકાંજલિ

શ્રી કાંન્તિલાલ મોહનલાલ શાહ ઘોઘાવાળા ઉ. વ-૭૯ મુંબઈ મુકામે સં. ૨૦૪૯ ના માગસર શુદ ૧ બુધવાર તા. ૨૬-૧૧-૯૨ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, તેઓશ્રી ખુબ જ ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા, તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સંમવેદના પ્રગટ કરેલ છે. તેમના આત્માને પરમ શાંન્તિ મલે. એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.

**શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેઈટ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atamnand Prakash Regd No. GBV 31

સમર્થ વિદ્વાન

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

: લેખક :

હિંમતલાલ અનોપચંદ મોતીવાળા

અમેરિકાના ચીકાગો શહેરમાં એક સર્વ ધર્મ પરીષદનું આયોજન ૧૮૯૩ માં યોજાઇ હતી.

આ પરીષદમાં પ્રાતઃ સ્મરણીય પરમ પુજ્ય આચાર્ય ભગવંત વિજયાનંદ સૂરીશ્વરજી (શ્રી આત્મારામજી મ.સા.) ને ડેલીગેટ તરીકે આમંત્રણ મળ્યું, સંવેગી સાધુ દરીયાપારની આવી પરીષદમાં હાજર રહી શકે નહી કારણ કે તે તેમના આચાર વિરૂદ્ધ ગણાય.

આ પરીષદમાં તેમના વતી મહુવા નિવાસી પ્રખર વિદ્વાન શ્રી વીરચંદ રાઘવજી દોશીને ભાગ લેવા મોકલવા પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયાનંદ સૂરીજીએ તે જમાનાના ૫૦ લાખ જૈનોના પ્રતીનીધી તરીકે પરીષદમાં ડેલીગેટ તરીકે ઉપસ્થિત રહેવા તૈયાર કર્યા.

અમેરીકાના ચીકાગો શહેર ઉપરાંત અનેક સ્થળોએથી તેઓશ્રીને ભાષણ આપવા માટે આમંત્રણ મળ્યા.

અમેરીકામાં તેઓશ્રીએ પોતાના જ્ઞાનનો સારો પરીચય કરાવ્યો, જાણે કે અમેરીકમાં શ્રીયુત વીરચંદભાઈ ગાંધીના ભાષણોનો ધોધ વહ્યો હતો.

તેઓશ્રીએ ત્યાર બાદ લંડન જઈ એટ લો નો અભ્યાસ કરી બેરીસ્ટર થયા.

(અનુસંધાન ટાઈલ પેજ ૩ જા પર જુઓ)

BOOK POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only